**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.ર માં**

**ક્રિ.કેસ નં.૯૦ર/ર૦૦૦**
**આંક:–૧ નીચે હુકમ.**

***(૧).*** *રેકર્ડ જોતા જણાઈ આવે છે કે, હાલનો આ કેસ ઘણાં લાંબા સમયથી આરોપીએ બજવણી માટે પેન્ડીગ છે.આરોપી સામે અવારનવાર વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ છે, તેમના જામીનદારને નોટીસ કાઢવામાં આવેલ છે, પરંતુ તે બજે કે વગર બજે પરત આવેલ નથી. અને પરત આવેલ છે તો તેમા આરોપી દર્શાવેલ જગ્યાએ રહેતા નથી તે મુજબનો શેરો આવેલ છે, જામીનદાર મરણ ગયેલ છે તેવો શેરો પણ આવેલ છે. આમ પોલીસે કરેલ ચાર્જસીટના સરનામે હાલ આરોપી રહેતા નથી તેવું સ્પષ્ટ જણાઈ આવે છે, તેમજ તેમના જામીનદાર પણ મળી આવેલ નથી. આમ આરોપી તથા તેઓના જામીનદારને પ્રાસેસ ઈશ્યુ કરવામાં આવેલ હોવા છતાં મળી આવતા ના હોઈ, તેવા સંજોગોમાં ક્રીમીનલ મેન્યુઅલની કલમ–ર૧૧ ધ્યાને લેવી જરુરી જણાય છે જે નીચે મુજબ છે.*

**Pera - 211 of Criminal Court Manual. provides that -**

**211.(1)** All Cases, in which the accused are of unsound mind and are comsequently unable to make a defence, or atre absconding and cannot be traced or served with warrant, summouns or notice for a period of one year or more from the date of receipt of the charegesheet, should be placed on the dormant file. A seperate register (in the Form No.54) should be maintained. Showing all cases need not be shown in the Monthly Criminal returns.

***(ર).*** *ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં હાલનો કેસ ડોરમેન્ટ ફાઈલે દાખલ કરવા હુકમ કરવામાં આવે છે.*

***(૩).*** *ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ તથા નામદાર ગુજરાત રાજયની વડી અદાલત ધ્વારા હાલના, હાલમાં બહાર પાડવામાં આવેલ નોટીફીકેશન મુજબ, હાલના કેસને માસિક પત્રકમાંથી દૂર કરી નિયમ મુજબ દર ત્રણ મહીને આરોપીને વોરંટ ઈશ્યુ કરવું.*

*સદરહું હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.*

*અમદાવાદ*
*તા.૧૦/ર/ર૦૧૮*

**(આરતી અદ્વૈત વ્યાસ)**
*એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં.ર, અમદાવાદ*
*જી.જે.૦૦૬૮૬*